“સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦” નિમિત્તે “ધુમ્રપાન મુક્ત ગુજરાત”.
તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળની જોગવાઇઓના કડક
અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૦૪/૧૫૭૧/મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ- [illegible] 2010

**વંચાણે લીધા-**

(૧)ભારત સરકારનો અધિનિયમ ક્રમાંક-૩૪/૨૦૦૩ તા.૧૯/૦૫/૨૦૦૩.

(૨)ગુજરાત સરકાર આ અને પ. ક.વિભાગ ના ઠરાવ ક્રમાંક-પીએફએ-૧૦૨૦૦૧/જીઓઆઇ-૫૯/ઝ, તા.૨૪/૧/૨૦૦૨.

(૩)ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૪/જીઓઆઇ-૨૯/ઝ. તા.૧૧/૦૨/૨૦૦૫

**પરિપત્ર-:**

ભારત સરકારે તમાકુ ઉત્પાદનના વેપાર અને વેચાણ સબંધી નિયમો તેમજ તેની અંગેની જાહેરાતો ઉપર પ્રતિબંધાત્મક જોગવાઇ કરવા અંગે સંદર્ભ-(૧) સામે જણાવેલ અધિનિયમ હેઠળ નિયમો બહાર પાડેલ છે. આ કાયદા/નિયમો હેઠળ રાજ્યમાં તેના કડક અમલ માટે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંદર્ભ-(૨) અને સંદર્ભ-(૩) સામે જણાવેલ ઠરાવ/પરિપત્રની જોગવાઇથી સૂચનાઓ બહાર પાડેલ છે. તમાકુ નિયંત્રણ કાયદા સંદર્ભમાં “SMOKE FREE GUJARAT “ની પરિકલ્પના સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ના વર્ષ દરમિયાન સાકાર થાય એવી ભાવનાથી સર્વત્ર સઘન પ્રયત્નો થાય એવો નિર્ધાર વ્યકત થયો છે. આમ તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ બહાર પાડવામાં આવેલ નિયમો/સૂચનાઓનો રાજ્યમાં કડક અમલ થાય તે માટે નીચે મુજબની સૂચનાઓ કરવામાં આવે છે.

(૧) દરેક કચેરીમાં “ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તાર” જાહેર કરવો અને મુલાકાતીઓને આ બાબતનો ખ્યાલ આવે તે માટે “અહીં ધુમ્રપાન કરવુ ગુનો બને છે.” તે મુજબની નોટીસ સરળતાથી સૌ જોઇ શકે એવી જગ્યાએ મૂકવી.

(૨) ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તારમાં કોઇ ધુમ્રપાન કરતા જણાય તો તે અંગે કોઇપણ વ્યક્તિ સંબંધિતનું ધ્યાન દોરે તે જરૂરી હોય છે. આ માટે દરેક કચેરીમાં નોડલ અધિકારીની નિમણૂંક કરવી અને "જો કોઇ ધુમ્રપાન કરતુ જણાય તો નીચેના અધિકારીનો સંપર્ક કરવો" તે મુજબની સૂચના દર્શાવતું બોર્ડ મૂકવું

અને તેમાં જે અધિકારી નોડલ અધિકારી તરીકે નિમણૂક કરેલ હોય તેમનુ નામ, હોદ્દો અને ફોન નંબર દર્શાવવા.

(3)જયાં સુધી પોલીસ ખાતાને લાગે વળગે ત્યાં સુધી પોલીસ સ્ટેશનએ એક એવુ સ્થળ છે કે, જ્યાં જાહેર જનતાની અવરજવર રહેતી હોય છે. જેથી ત્યાં ઉપર મુજબના બોર્ડ ડીસપ્લે થાય તેવી ખાસ સૂચનાઓ આપવી.

(૪) તમાકુ નિયંત્રણ અધિનિયમ અમલીકરણ સંદર્ભે પોલીસે ખૂબજ મહત્વનો રોલ ભજવવાનો રહે છે. આ સંદર્ભમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૨/૪/૦૪ના જાહેરનામાથી ભારત સરકારના અધિનિયમના સેકશન ૨૮ નીચે જે અધિકારીઓને નિયુકત કરવામાં આવ્યા છે તેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧/૭/૦૬ના જાહેરનામાથી તમામ પોલીસ સબ ઇન્સપેકટરોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આથી આ બાબત ધ્યાને લઇને તમાકુ નિયંત્રણ અધિનિયમના અમલીકરણ સંદર્ભે પોલીસે જે રોલ ભજવવાનો હોય તે અસરકારક રીતે અદા કરવામાં આવે તે માટે સર્વે અધિકારીઓ દ્વારા આ જાહેરનામાનો તથા તે અન્વયે કરવાની થતી કામગીરીનો ખ્યાલ મેળવીને તે અસરકારક રીતે બજાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે તેવી સૂચનાઓ આપવાની રહેશે અને ખાસ કરીને જાહેર સ્થળો પર અધિનિયમનો અમલ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

સ્વર્ણિમ ગુજરાત વર્ષ-૨૦૧૦ દરમિયાન ગુજરાત રાજ્ય વ્યસન મુકત થાય એવી ભાવનાથી જાહેર જનતાના આરોગ્યની ચિંતા કરવામાં આવી છે ત્યારે રાજ્યમાં તમાકુ અધિનિયમની જોગવાઇનો અસરકારક અમલ થાય તે જરૂરી છે જેથી પોલીસ ખાતાના તમામ અધિકારી,કર્મચારીઓ દ્વારા સંનિષ્ઠ પ્રયત્નો થાય તે માટે જરૂર જણાયે આપના તરફથી પણ યોગ્ય સૂચનાઓ બહાર પાડવાની રહેશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.કે ઝીંઝુવાડીયા)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

-મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.

-સચિવશ્રી(ગૃહ)ના અંગત મદદનીશશ્રી,ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

-એડીશનલ ડાયરેકટરશ્રી આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(H.S.),ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ,પોલીસ ભવન,ગાંધીનગર.

-મુખ્ય તકેદારી આયુકતશ્રી, ગાંધીનગર.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી(ક્રાઇમ અને રેલ્વેઝ) ગાંધીનગર.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી (ઇન્ટે.)ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિદેશકશ્રી,હથિયારી એકમો, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,તાલીમ, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,એસ.સી.આર.બી. ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી(ક્રાઇમ અને રેલ્વેઝ) ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી,એ.ટી.એસ. ગાંધીનગર.
-મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત પોલીસ આવાસ નિગમ,લિ.ગાંધીનગર.
-નિયામકશ્રી લાંચરૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ.
-અધિક પોલીસ મહાનિદેશકશ્રી અને જેલોના ઇન્સપેકટર જનરલશ્રી અમદાવાદ.
-અધિક પોલીસ મહાનિદેશકશ્રી અને કમિશ્નરશ્રી નશાબંધી અને આબકારી અમદાવાદ.
-નિયામકશ્રી ,ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી ગાંધીનગર.
-નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુન:વસવાટની કચેરી ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી ક-શાખા ગૃહ વિભાગ, સચિવાલયં,ગાંધીનગર.
-સિલેકટ ફાઇલ-મ શાખા ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

961

# NOTIFICATION

Health and Family Welfare Department,
Sachivalaya, Gandhinagar.
Dated the
21 JUL 2006

Cigarettes and other Tobacco Products ( Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution ) Act, 2003

No: GP-3-MIS-102004-1407(2006)-JH:- In exercise of the powers conferred by sub section (1) of section 25 of the Cigarettes and other Tobacco Products ( Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution ) Act, 2003( 34 of 2003) (hereinafter referred to as " the said Act"), the Government of Gujarat hereby authorises the persons as specified in column 2 of the Schedule appended hereto for the areas within their respective jurisdiction for the purpose of sections 12, 13 and 28 of the said Act

" SCHEDULE

| Sr.No. | Authorised Persons |
|---|---|
| 1 | 2 |
| 1 | All the Police Sub-Inspectors of the State of Gujarat. |

By order and in the name of Governor of Gujarat.

( A. K. Bhatt )
Joint Secretary to Government.

Copy to:-

Secretary to Governor, Raj Bhavan,Gujarat State Gandhinagar.
Personal Secretary to Chief Minister, Gujarat State, Gandhinagar
Commissioner , Food and Drugs control Administration, Gandhinagar
Regional Food Laboratory, Bhuj / Rajkot
Home Department, Sachivalaya, Gandhinagar – with a request to instruct concern officers/ offices
The Development Commissioner, Gandhinagar for necessary action.

NOTIFICATION -HFS-Jun-06:Geo-1